UK Health Security Agency

NHS

# રોગ પ્રતિરક્ષણો માટેની માર્ગદર્શિકા

# એક વર્ષની ઉંમરે



સપ્ટેમ્બર 2024 થી રોગ પ્રતિરક્ષણોના લક્ષણોનું સમયપત્રક દર્શાવે છે

immunisation
the safest way to protect your child

# બાળપણના રોગ પ્રતિરક્ષણ કાર્યક્રમ

**યાદ રાખો** દરેક એપોઈન્ટમેન્ટ માટે તમારી સાથે રોગ પ્રતિરક્ષણની તમારી લાલ બુક લાવવી.




આ બુકલિટ કે પુસ્તિકાઓની નકલો તમારા ક્લિનિક અથવા ડોકટરની સર્જરિમાંથી મળી રહે છે. **www.nhs.uk/vaccinations** પણ જૂઓ

આ પત્રિકામાં સપ્ટેમ્બર 2024 થી રોગ પ્રતિરક્ષણના લક્ષણોનું સમયપત્રક દર્શાવે છે

# સારાંશ

## એક વર્ષની ઉંમરે મારા બાળકને કયા રોગ પ્રતિરક્ષણો આપવામાં આવશે?

તમારા બાળકને તેમની એક વર્ષની રસીકરણ મુલાકાત વખતે 4 ઈંજેકશન આપવામાં આવશે જેમાં સમાવિષ્ટ:

- તેમનું **MenB** બૂસ્ટર રસીકરણ
- a **Hib/MenC** આ સામે રસીકરણ:
  - Hib (હીમોફિલસ ઈન્ફ્લ્યુએન્ઝા (Haemophilus influenzae) પ્રકાર b), અને
  - મેનિન્ગોકોકલ (Meningococcal) ગ્રૂપ C રોગ (MenC)
- a **PCV13** આ સામે બૂસ્ટર રસીકરણ:
  - ન્યુમોકોકલ (pneumococcal) રોગ અમુક પ્રકારોના ન્યુમોકોકલ (pneumococcal) બેકટિરિઆ કે જીવાણુને કારણે થાય છે.
- તેમના પ્રથમ **MMR** રસીકરણ નીચે આપેલ સામે:
  - ઓરી કે મીઝલ્સ
  - ગાલપચોળિયા કે મમ્પસ
  - રૂબેલા



# એક વર્ષની ઉંમરે રોગ પ્રતિરક્ષણો

**હિબ (Hib), મેનિન્ગોકોકલ (meningococcal) જૂથો B અને C રોગ, ન્યુમોકોકલ રોગ, ઓરી, ગાલપચોળિયા અને રૂબેલા સામે રક્ષણ કરે છે.**

## હિબ (Hib) એ શું છે?

હિબ (Hib) એક ચેપ છે કે જે મેનિન્જાઈટિસ (meningitis) (મગજના અસ્તરમાં બળતરા), સેપ્ટિસીમિઆ (septicaemia) (લોહીમાં ઝેર) અને ન્યૂમોનિઆ કે ફેફસાનો સોજો ખાસ કરીને નાના બાળકોમાં દોરી શકે.

Hib/MenC રસીને મેનિટોરિકસ (Menitorix) કહેવામાં આવે છે, તમે દરદીની માહિતી પત્રિકા www.medicines.org.uk/emc/product/167/pil પર જોઈ શકો.

## મેનિન્ગોકોકલ (meningococcal) રોગ એ શું છે?

મેનિન્ગોકોકલ (Meningococcal) રોગ એ ગંભીર ચેપ છે કે જે બાળકો અને યુવાન લોકોમાં મેનિન્જાઈટિસ અને સેપ્ટિસીમિઆનું કારણ પણ બની શકે.

ગ્રૂપ B મેનિન્ગોકોકલ (meningococcal) જીવાણુ કે બેકટિરિઆ (MenB) હાલમાં યૂકેમાં (UK) મેનિન્ગોકોકલ રોગનો મોટા ભાગના કેસો માટે જવાબદાર છે, જયારે મેનિન્ગોકોકલ ગ્રૂપ C (MenC) રોગ હવે અસામાન્ય છે કારણ કે મોટા ભાગના નાના બાળકો અને કિશોરોને નિયમિતરીતે MenC સામે રસી આપવામાં આવે છે.

MenB રસીને બેક્સસેરો (Bexsero) કહેવામાં આવે છે, તમે દરદીની માહિતી પત્રિકા www.medicines.org.uk/emc/product/5168/pil પર જોઈ શકો.

## કઈ રસીનો ઉપયોગ કરવામાં આવશે?

તમારા બાળકને મિશ્રિત Hib/MenC રસીના ડોઝની સાથોસાથ MenB રસીનો બૂસ્ટર ડોઝ મળશે. આ રસીઓ જાંઘના સ્નાયુ અથવા હાથના ઉપરના ભાગમાં આપવામાં આવશે

## શા માટે મારા બાળકને બૂસ્ટર રસીઓની જરૂર છે?

બૂસ્ટર રસીઓ તમારા બાળકને અગાઉ લીધેલા રોગ પ્રતિરક્ષણો દ્વારા પહેલેથી આપવામાં આવેલ સુરક્ષાને વધારવા માટે આપવામાં આવે છે. શિશુ રસીકરણો દ્વારા આપવામાં આવતી સુરક્ષાની અસર અમુક સમય પછી ઓછી થઈ શકે. બૂસ્ટર ડોઝ રક્ષણની અવધિને પાછળના જીવનમાં લંબાવે છે.

## શું Hib/MenC અને MenB રસીઓની કોઈ પણ આડ અસરો હશે?

તમારા બાળકને જયાં તેઓને ઈંજેક્શન આપવામાં આવ્યુ હતું ત્યાં લાલાશ, સોજો અથવા મૃદુતા કે કોમળતા હોઈ શકે. જેઓએ આ રસીઓ લીધી હોય તેમાંના આશરે અડધા બાળકો ચીડિયા બની શકે, અને અમુકને હળવો તાવ આવે. તમે તમારા જીપી (GP), પ્રેક્ટિસ નર્સ અથવા હેલ્થ વિઝિટર પાસેથી આ વિષે વધારે માહિતી મેળવી શકો છો.



## ન્યૂમોકોકલ (pneumococcal) રોગ એ શું છે?

ન્યૂમોકોકલ (pneumococcal) રોગ એ બાળકોમાં બેકટિરિઅલ મેનિન્જાઈટિસના સૌથી સામાન્ય કારણોમાંનું એક છે પણ તે સેપ્ટિસીમિઆ, ન્યૂમોનિઆ, કાનના ચેપો (otitis media કે મધ્ય કાનમાં સોજો) અને બીજી ગંભીર બીમારીઓના કારણો પણ બને. ન્યૂમોકોકલ (pneumococcal) બેકટિરિઆ કે જીવાણુ 90 કરતાં વધારે જુદા પ્રકારોના હોય છે.

## કઈ રસીનો ઉપયોગ કરવામાં આવશે?

ઉપયોગમાં લેવામાં આવતી રસી PCV13 (ન્યૂમોકોકલ કોન્જુગેટ રસી) નો બૂસ્ટર ડોઝ છે કે જે 13 જુદા ન્યૂમોકોકલ (pneumococcal) પ્રકારો સામે રક્ષણ આપે કે જે સૌથી સામાન્યરીતે બાળકોમાં ન્યૂમોકોકલ રોગનું કારણ હોય છે. આ રસી જાંઘના સ્નાયુ અથવા હાથના ઉપરના ભાગમાં Hib/MenC અને MenB રસીઓ એકજ મુલાકાત વખતે આપવામાં આવશે.

## શું PCV રસીની કોઈ પણ આડ અસરો હશે?

રસી લીધેલા 10 બાળકોમાંથી, 1 અથવા 2 ને ઈંજેકશનની જગ્યાએ સોજો, લાલાશ અથવા કોમળતા થઈ શકે અથવા હળવો તાવ આવે. PCV રસીને પ્રિવેનર (Prevenar) 13 કહેવામાં આવે છે, તમે દરદીની માહિતી પત્રિકા www.medicines.org.uk/emc/product/453/pil પર જોઈ શકો.

## ઓરી કે મીઝલ્સ એ શું છે?

ઓરી ખૂબજ ચેપી વાઈરસ કે વિષાણુના કારણે થાય છે. લગભગ દરેક વ્યક્તિ જેઓને થાય છે તેઓને તીવ્ર તાવ, ફોલ્લીઓ અને સામાન્ય રીતે અસ્વસ્થ રહેશે. ઓરીની ગૂંચવણોમાં છાતીમાં ચેપ, ફીટ્સ (મૂર્છાઓ કે સીઝર્સ), એન્સેફલાટિસ (મગજનો ચેપ), અને મગજના નુકસાનનો સમાવેશ થાય છે. ખૂબજ ગંભીર કિસ્સાઓમાં, ઓરી કે મીઝલ્સ મારી શકે.

## ગાલપચોળિયા કે મમ્પસ એ શું છે?

ગાલપચોળિયા એક વાઈરસ દ્વારા થાય છે કે જે તાવ, માથાનો દુખાવો, અને ચહેરા, ગરદન અને જડબામાં પીડાદાયક, સોજેલ ગ્રંથિઓ તરફ દોરી શકે. તે કાયમી બહેરાશ, વાઈરલ મેનિન્જાઈટિસ અને એન્સેફલાટિસમાં (મગજમાં સોજો અને બળતરા) પરિણામી શકે.

## રૂબેલા એ શું છે?

રૂબેલા (Rubella) (જર્મન મીઝલ્સ) એ વાઈરસને કારણે થતો રોગ છે. બાળકોમાં તે સામાન્ય રીતે હળવા હોય છે અને તે ધ્યાનમાં ન આવી શકે, પણ સગર્ભાવસ્થામાં રૂબેલા ન જન્મેલા બાળક માટે ખૂબજ ગંભીર હોય છે. તે તેમની દ્રષ્ટિ, શ્રવણશક્તિ, હૃદય અને મગજને ગંભીર રીતે નુકસાન કરી શકે. આ સ્થિતિને કંજેનિટલ કે જન્મ સાથેના રૂબેલા સિન્ડ્રોમ (CRS) કહેવામાં આવે છે.

## MMR રસી એ શું છે?

તે જીવંત ઓરી કે મીઝલ્સ, ગાલપચોળિયાં અને રૂબેલા વિષાણુઓ કે વાઈરસીસના નબળા વર્શન કે વૃતાન્તોનો સમાવેશ હોય છે. કારણ કે વાઈરસો નબળા હોવાથી, લોકો કે જેઓએ રસી લીધી હતી તેઓ બીજા લોકોને ચેપ લગાડી ન શકે. યૂકેમાં (UK) અમારી પાસે 2 MMR રસીઓ છે. બન્ને ખૂબજ સારી કામ કરે છે; એકમાં પોર્સિન જેલટિનનો સમાવેશ હોય છે અને બીજામાં હોતો નથી. જો તમારી ઈચ્છા હોય કે તમારા બાળકને પોર્સિન જેલટિન વગરની રસી આપવામાં આવે તો, તે તમારી પ્રેક્ટિસ નર્સ અથવા જીપી (GP) સાથે ચર્ચા કરો.

## રસી કેવી રીતે અને કયારે આપવામાં આવે છે?

આ રસી જાંઘના સ્નાયુમાં અથવા હાથના ઉપરના ભાગમાં ઈંજેકટ કરવામાં આવે છે. બાળકને તેમની માતા પાસેથી મળેલ રોગ પ્રતિકારક શક્તિ ઓછી થયા પછી એક વર્ષની ઉંમરે આપવામાં આવે છે. તમારા બાળકને લગભગ 3 વર્ષ અને 4 મહિનાની ઉંમરે શાળા શરૂ કરતા પહેલાં રસીનો બીજો ડોઝ ફરીથી આપવો જોઈએ.



## MMR રસી કેટલી અસરકારક હોય છે?

MMR રસી 1988માં રજૂ કરવામાં આવી ત્યારથી યૂકેમાં (UK) નાના બાળકોમાં આ 3 રોગોને લગભગ નાશ કરવા માટે જવાબદાર છે.

## શું MMR રસીની કોઈ પણ આડ અસરો હશે?

રસીના 3 જુદા જુદા વાઈરસો જુદા જુદા સમયે કાર્ય કરે છે અને પ્રથમ ડોઝ પછી નીચેની આડ અસરો પેદા કરી શકે:

- રોગ પ્રતિરક્ષણના 6 થી 10 દિવસો પછી, રસીનો ઓરી કે મીઝલ્સનો ભાગ કામ કરવાનું શરૂ કરે ત્યારે, આશરે 10 બાળકોમાંથી એકને તાવ આવી શકે અને અમુકને હળવી ઓરી – જેવી ફોલ્લીઓ થઈ અને તેઓ ખોરાક ખાવાનું છોડી કે બંધ કરી શકે
- દરેક 1,000 રોગ પ્રતિરક્ષણ બાળકોમાંથી આશરે એકને તાવના કારણે આંચકી કે ફિટ આવી શકે. આને 'ફેબ્રિલ કન્વલ્શન'
('febrile convulsion') કે 'તાવની આંચકી' કહે છે. જો કે, બાળકો કે જેઓને રસી આપવામાં આવી નથી અને ઓરી થાય તો તેઓને આંચકી આવવાની 3 ગણી વધારે સંભાવના હોય છે.
- MMR ના લગભગ 3 અઠવાડિયાઓ પછી, જયારે રસીનો ગાલપચોળિયાનો ભાગ કામ કરવાનું શરૂ કરે ત્યારે, અમુક બાળકોને ભાગ્યેજ ગાલપચોળિયા- જેવા લક્ષણો (તાવ અને સોજાવાળી ગ્રંથિઓ) થઈ શકે.

**MMR તમારા બાાળકનું ઓરી કે મિઝલ્સ, ગાલપચોળિયાં અને રૂબેલાથી રક્ષણ કરવામાટેની સૌથી સલામત રીત છે.**

- ખૂબજ ભાગ્યેજ, રસીકરણ પછીના 6 અઠવાડિયાઓમાં બાળકોને નાના ઉઝરડા જેવી ફોલ્લીઓ થઈ શકે. આ સામાન્ય રીતે રસીના ઓરી અથવા રૂબેલા ભાગોને કારણે થાય છે. જો તમને આવા ડાઘ દેખાય તો, તમારા બાળકને ડોક્ટર પાસે તપાસ કરાવવા માટે લઈ જાઓ. તમારા ડોક્ટર તમને જણાવશે કે ફોલ્લીઓ સાથે કેવી રીતે વ્યવહાર કરવો અને ભવિષ્યમાં તમારા બાળકનું રક્ષણ કેવી રીતે કરવું
- MMR રસી પછી દસ લાખમાંથી એકથી ઓછા બાળકોમાં એન્સેફલાઈટિસ (બળતરા અને મગજનો સોજો) થઈ શકે. જો કે, જો કોઈ બાળકને ઓરી થાય તો, એન્સેફેલાઈટિસ થવાની શક્યતા 200 માંથી એક અને 5,000 માંથી એક ની વચ્ચે હોય છે

## જો મારા બાળકને ઈંડાઓથી એલર્જી હોય તો શું?

MMR રસી એવા બાળકોને સુરક્ષિત રીતે આપી શકાય કે જેઓને ઈંડાથી ગંભીર એલર્જી (એનાફિલેટિક પ્રતિક્રિયા) થઈ હોય. જો તમને કોઈ પણ ચિંતા હોય તો, તમારા હેલ્થ વિઝિટર, પ્રેક્ટિસ નર્સ અથવા ડોકટર સાથે વાતચીત કરો.

## શું MMR રસીમાં જેલટિનનો સમાવેશ હોય છે?

યૂકેમાં (UK) અમારી પાસે 2 MMR રસીઓ છે કે જે ખૂબજ સારુ કાર્ય કરે છે. તેમાંના એકમાં પોર્સિન જેલટિનનો સમાવેશ હોય છે અને બીજા એકમાં હોતો નથી. જો તમે પોર્સિન જેલટિન સમાવિષ્ટ ન કરતી રસી લેવાનું પસંદ કરો તો, તમારી પ્રેક્ટિસ નર્સ અથવા જીપી (GP) સાથે વાતચીત કરો. તમે MMR રસીની દરદી માહિતી પત્રિકાઓ જોઈ શકો:

**Priorix:**
www.medicines.org.uk/emc/product/1159/pil

**MMRVAXPRO:**
www.medicines.org.uk/emc/product/6307/pil
પર

# મેનિન્જાઈટિસ અને સેપ્ટિસીમિઆ માટે ધ્યાન રાખો

મેનિન્જાઈટિસ અને સેપ્ટિસીમિઆ બન્ને ખૂબજ ગંભીર છે. તે મહત્વનું છે કે તમે ચિહ્નો અને લક્ષણોને ઓળખો અને જો તમે તેમને જુઓ તો શું કરવું તે જાણો.

મેનિન્જાઈટિસ અને સેપ્ટિસીમિઆના પ્રારંભિક લક્ષણો શરદી અથવા ફ્લૂ (તાવ, ઊલટી, ચીડિયાપણું અને બેચેની) જેવા સરખા હોઈ શકે.

જો કે, મેનિન્જાઈટિસ અથવા સેપ્ટિસીમિઆથી પીડાતી વ્યક્તિઓ કલાકોમાં ગંભીર રીતે બીમાર પડી શકે, તેથી આ પરિસ્થિતિઓના ચિહ્નો અને લક્ષણોને જાણવા તે મહત્વપૂર્ણ હોય છે.



## મેનિન્જાઈટિસ એ શું છે?

મેનિન્જાઈટિસ એ મગજના અસ્તરનો ચેપ છે. મેનિન્જાઈટિસ કેટલાક પ્રકારોના બેકટિરિઆ અથવા વાઈરસોના કારણે થઈ શકે.

મેનિન્ગોકોકલ જીવાણુના ચેપ સાથેના કારણે મેનિન્જાઈટિસ, સેપ્ટિસીમિઆ (લોહીમાં ઝેર), પેરિકાર્ડાઈટિસ (કોથળીની અસ્તરની બળતરા કે જેમાં હ્રદયનો સમાવેશ) અને સંધિવા (સાંધામાં સોજો) થઈ શકે.

બાળકોમાં, મેનિન્જાઈટિસના મુખ્ય લક્ષણોમાં સમાવેશ થઈ શકે:

- ઉચ્ચ અવાજ, વિલાપ કરતું રૂદન
- જયારે પકડીને ઊંચકવામાં આવે ત્યારે ચીડિયાપણું
- ફૂલેલુ તાળવું
- સુસ્ત અને ઓછા પ્રતિભાવશીલ - જગાડવું મુશ્કેલ હોય
- ફ્લોપી કે કઢંગુ અને ઉદાસીન
- આંચકાજનક હલનચલનો સાથે સખત (આંચકીઓ/ મૂર્છા)
- ખોરાક લેવાનો ઈનકાર, ઊલટી કરવી
- ત્વચા જે નિસ્તેજ, ડાઘવાળી અથવા વાદળી રંગમાં ફેરવાય
- તાવ



## સેપ્ટિસીમિઆ એ શું છે?

જયારે લોહીના પ્રવાહને ચેપ લાગે ત્યારે સેપ્ટિસીમિઆ એ ખૂબજ ગંભીર સ્થિતિ હોય છે. ઠંડા હાથ અને પગ, નિસ્તેજ ત્વચા, ઊલટી અને ખૂબજ નિંદ્રાધીન અથવા જગાડવાનું મુશ્કેલ હોવાના ચિહ્નો ઝડપથી આવી શકે. જો તમને સેપ્ટિસીમિઆની શંકા હોય તો, તાકીદે મદદ મેળવો.

બાળકોમાં, સેપ્ટિસીમિઆના મુખ્ય લક્ષણોમાં સમાવેશ થઈ શકે:

- શ્વાસ લેવાની ઝડપી અથવા અસામાન્ય પેટર્ન
- ત્વચા કે જે નિસ્તેજ, ડાઘવાળી અથવા વાદળી રંગમાં ફેરવાય
- ઠંડા હાથ અને પગ સાથે તાવ
- ધ્રૂજારી
- ઊલટીઓ થવી અને ખોરાક લેવાનો ઈનકાર
- લાલ અથવા જાંબુડિયા ડાઘાઓ કે જે દબાણ હેઠળ ઝાંખા ન થાય
  (હવે પછીના પાનામાં સમજાવેલ ગ્લાસની કસોટી કરો)*
- સ્નાયુમાં દુખાવો અથવા ગંભીર અંગ અથવા સાંધાના દુખાવાથી પીડા અથવા ચીડિયાપણુ
- ફ્લોપિનેસ કે કઢંગાપણુ
- તીવ્ર ઊંઘ

એ યાદ રાખવું મહત્ત્વનું છે કે સૂચિબદ્ધ તમામ લક્ષણો દરેકને વિકસિત નહિ થાય, અને લક્ષણોની આ યાદી સંપૂર્ણ નથી. જો કોઈ વ્યક્તિને અમુક લક્ષણો વિકસિત થાય,, ખાસ કરીને લાલ અથવા જાંબુડિયા ડાઘા તો તાત્કાલિક તબીબી મદદ મેળવો. જો તમે તમારા ડોકટરનો સંપર્ક સાધી શકો નહિ, અથવા સલાહ લીધા પછી પણ ચિંતિત હો, તો તમારી વૃત્તિ પર વિશ્વાસ કરો અને તમારા બાળકને તમારી સૌથી નજીકની હોસ્પિટલના ઈમર્જન્સિ વિભાગમાં લઈ જાઓ.

*શ્યામ કે કાળી ચામડી પર, આંખના પોપચાં અથવા મોઢાના તાળવાની અંદર તપાસ કરો કે જયાં ફોલ્લાઓ વધારે જોઈ શકાય.



### ધ 'ગ્લાસ ટેસ્ટ કે કસોટી'

સ્વચ્છ પીવાના ગ્લાસની બાજુને ફોલ્લીઓની સામે જોરથી કે કઠણરીતે દબાવો જેથી તમે જોઈ શકો કે ફોલ્લીઓ ઝાંખી પડી અને દબાણ હેઠળ રંગ ગુમાવે છે. જો તેનો રંગ બદલાતો ન હોય તો, તમારા ડોકટરનો તાત્કાલિક સંપર્ક કરો.

### હું વધારે માહિતી કયાંથી મેળવી શકું?

આ સખાવતો કે ચેરિટિઝ માહિતી, સલાહ અને ટેકો- આધાર પૂરો પાડે છે.:

**મેનિન્જાઈટિસ (Meningitis) રિસર્ચ ફાઉન્ડેશન**
મફત હેલ્પલાઈન 080 8800 3344
(અઠવાડિયાના દિવસોમાં સવારના 9 થી રાતના 10,
શનિ- રવિ અને રજાઓમાં સવારના 10 થી રાતના 8)
www.meningitis.org

**મેનિન્જાઈટિસ (Meningitis) નાઉ**
24 કલાક હેલ્પલાઈન 0808 8010 388
www.meningitisnow.org

તમે તમારા ડોકટર, પ્રેક્ટિસ નર્સ અથવા હેલ્થ વિઝિટરને પણ સલાહ માટે પૂછી શકો, અથવા ફોન કરો **NHS** ને **111 પર**.

**માતા- પિતા અને સંભાળ સાખનારાઓ યલો કાર્ડ યોજના (Yellow Card Scheme) દ્વારા રસીઓ અને દવાઓની શંકાસ્પદ આડ અસરોનો રિપોર્ટ પણ કરી શકો.**

આ ઓનલાઈન મુલાકાત દ્વારા **yellowcard.mhra.gov.uk** અથવા યલો કાર્ડ હોટલાઈન (Yellow Card) **0800 731 6789 પર ફોન કરીને**. તમે QR કોડનો ઉપયોગ અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app)ડાઉનલોડ કરીને પણ કરી શકો.

# સપ્ટેમ્બર 2024 થી નિયમિત બાળપણના રોગ પ્રતિરક્ષણ કાર્યક્રમ

| યોગ્ય ઉંમરે | રોગો સામે રક્ષણ | રસી આપવામાં આવી |
|---|---|---|
| આઠ અઠવાડિયાઓની ઉંમરનું | ડિપ્થેરિઆ, ટેટનસ, પર્ટુસિસ (ઉટાંટિયું), પોલિયો, *હીમોફિલસ ઈન્ફ્લૂએન્ઝા* પ્રકાર b (Hib) હેપટાઈટિસ (hepatitis) B | DTaP/IPV/Hib/HepB |
| | મેનિન્ગોકોકલ જૂથ B (MenB) | MenB |
| | રોટાવાઈરસ ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ | રોટાવાઈર(Rotaviru)સ[2] |
| બાર અઠવાડિયાઓની ઉંમરનું | ડિપ્થેરિયા, ટેટનસ, પર્ટુસિસ, પોલિયો, હિબ (Hib) અને હેપટાઈટિસ B | DTaP/IPV/Hib/HepB |
| | ન્યૂમોકોકલ (13 સેરોટાઈપ્સ) | ન્યૂમોકોકલ કોન્જુગેટ રસી (PCV) |
| | રોટાવાઈરસ (Rotavirus) | રોટાવાઈર(Rotaviru)સ[2] |
| સોળ અઠવાડિયાઓની ઉંમરનું | ડિપ્થેરિયા, ટેટનસ, પર્ટુસિસ, પોલિઓ, Hib અને હેપટાઈટિસ B | DTaP/IPV/Hib/HepB |
| | MenB | MenB |
| એક વર્ષની ઉંમરના (બાળકના પ્રથમ જન્મદિવસ પર અથવા પછી) | Hib અને MenC | Hib/MenC |
| | ન્યૂમોકોકલ | PCV બૂસ્ટર |
| | ઓરી કે મીઝલ્સ, ગાલપચોળિયાં અને રૂબેલા (જર્મન મીઝલ્સ) | MMR |
| | MenB | MenB બૂસ્ટર |
| યોગ્ય બાળરોગ વય જૂથો[4] | ઈન્ફ્લૂએન્ઝા (દર વર્ષે સપ્ટેમ્બરથી) | જીવંત પાતળી કે બારીક ઈન્ફ્લૂએન્ઝા રસી LAIV[3,6] |
| ત્રણ વર્ષ ચાર મહિનાઓના અથવા તે પછી તરતજ | ડિપ્થેરિઆ, ટેટનસ, પર્ટુસિસ અને પોલિયો | dTaP/IPV |
| | ઓરી કે મીઝલ્સ, ગાલપચોળિયાં અને રૂબેલા | MMR (આપેલ પ્રથમ ડોઝ તપાસો) |
| બાર થી તેર વર્ષની ઉંમરના છોકરાઓ અને છોકરીઓ | કેન્સર્સ અને જનનાંગોના મસાઓ વિશિષ્ટ હ્યુમન પેપિલોમાવાઈરસ (human papillomavirus) (HPV) પ્રકારોને કારણે થાય છે | HPV[5] |
| ચૌદ વર્ષની ઉંમરના (સ્કૂલ વર્ષ 9) | ટેટનસ, ડિપ્થેરિઆ અને પોલિયો | Td/IPV (MMR સ્થિતિ ચકાસો) |
| | મેનિન્ગોકોકલ જૂથો A, C, W અને Y | MenACWY |

**[1]** હાથના ઉપરના ભાગમાં અથવા જાંઘના અગ્રવર્તી પાસામાં ડેલ્ટોઇડ સ્નાયુમાં આંતરિક સ્નાયુમાં ઈન્જેક્શન. **[2]** રોટાવાઈરસ (Rotavirus) રસી SCID સ્ક્રિનિંગ માટેના પરિણામ ચકાસ્યા પછી જ આપવી જોઈએ. **[3]** પોર્સિન જેલટિનનો સમાવેશ. **[4]** વાર્ષિક ફ્લૂ પત્ર જૂઓ: www.gov.uk/government/collections/annual-flu-programme પર. **[5]** 3 ડોઝની જરૂર પડે તેવા ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ્ડ યુવાન લોકોના રોગ પ્રતિરક્ષણ વિષેની વિગતો માટે ગ્રીન બુક HPV પ્રકરણ 18a જૂઓ. **[6]** જો LAIV (જીવંત પાતળી કે બારીક ઈન્ફ્લ્યુએન્ઝા રસી) પ્રતિબંધિત હોય અથવા અન્યથા અયોગ્ય ઉપયોગ નિષ્ક્રિય ફ્લૂ રસી હોય તો (વિગતો માટે ગ્રીન બુક ચેપ્ટર 19 તપાસો). **[7]** 50 વર્ષની વયથી ગંભીરીતે રોગપ્રતિકારક શક્તિ દબાવેલ વ્યક્તિઓ સહિત લાયક વય જૂથોની વિગતો માટે ગ્રીન બુક શિંગલ્સ પ્રકરણ 28a જૂઓ.

# અંતર્ગત તબીબી સ્થિતિઓવાળી વ્યક્તિઓ માટે વધારાની રસીઓ

| તબીબી સ્થિતિ | રોગો સામે રક્ષણ | રસીઓ જરૂરી[1] |
|---|---|---|
| એસ્પ્લેનિઆ અથવા સ્પ્લેનિક ડિસફંક્શન (સિકલ સેલ અને કોલિઆક રોગના કારણ સહિત) | મેનિન્ગોકોકલ જૂથો A, B, C, W અને Y<br>ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા | MenACWY<br>MenB<br>PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી |
| કોકલીઅર (Cochlear) ઈમ્પ્લાન્ટસ કે રોપણ | ન્યૂમોકોકલ | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી) |
| લાંબા વખતથી ચાલતી શ્વસન અને હ્યદયની સ્થિતિઓ (જેમકે સખત એસ્મા કે દમ, લાંબા વખતથી ચાલતો ફેફસાને લગતો રોગ, અને હ્યદયની નિષ્ફળતા) | ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી |
| લાંબા સમયથી ચાલુ ન્યૂરોલોજિકલ સ્થિતિઓ (જેમકે પાર્કિનશન્સ અથવા મોટર ન્યૂરોન રોગ, અથવા વિદ્યા અક્ષમતા કે લર્નીંગ ડિસબિલિટિ) | ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી |
| ડાયબીટિઝ | ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા | PCV13 (10 વર્ષની ઉંમર સુધી)[2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી |
| લાંબા વખતથી ચાલતો કિડનિ કે મૂત્રપિંડને લગતો રોગ (CKD) (હીમોડાયલિસિસનો સમાવેશ) | ન્યૂમોકોકલ<br>(તબક્કો 4 અને 5 CKD)<br>ઈન્ફ્લૂએન્ઝા<br>(તબક્કો 3, 4 અને 5 CKD)<br>હેપટાઈટિસ B<br>(તબક્કો 4 અને 5 CKD) | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી<br>હેપટાઈટિસ (Hepatitis) B |
| લાંબા વખતથી ચાલતી કે દીર્ઘકાલીન યકૃતની સ્થિતિઓ | ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા<br>હેપટાઈટિસ (Hepatitis) A<br>હેપટાઈટિસ (Hepatitis) B | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી<br>હેપટાઈટિસ (Hepatitis) A<br>હેપટાઈટિસ (Hepatitis) B |
| હીમોફિલિઆ (Haemophilia) | હેપટાઈટિસ (Hepatitis) A<br>હેપટાઈટિસ (Hepatitis) B | હેપટાઈટિસ (Hepatitis) A<br>હેપટાઈટિસ (Hepatitis) B |
| રોગ અથવા સારવારના કારણે નિરુધ્ધ પ્રતિરક્ષા કે ઈન્યૂનોસપ્રેશન [4] | ન્યૂમોકોકલ<br>શિંગલ્સ કે ખુજલીની રસી<br>ઈન્ફ્લૂએન્ઝા | PCV13 (10 વર્ષની ઉંમર સુધી) )[2,3]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>શિંગરિક્સ (Shingrix) – 50 વર્ષથી વધારે ઉંમરના[5]<br>વાર્ષિક ફ્લૂ રસી |
| પૂરક વિકૃતિઓ (જેઓ પૂરક અવરોધક ઉપચાર મેળવતા હોય સહિત) | મેનિન્ગોકોકલ જૂથો A, B, C, W અને Y<br>ન્યૂમોકોકલ<br>ઈન્ફ્લૂએન્ઝા | MenACWY<br>MenB<br>PCV13 (10 વર્ષની ઉંમર સુધી) [2]<br>PPV23 (2 વર્ષની ઉંમરથી)<br>વાર્ષિક ફ્લૂ રસી |

**[1]** વિશિષ્ટ સમયપત્રક માટે ગ્રીન બુકના લાગતાવળગતા પ્રકરણને તપાસો: www.gov.uk/government/collections/immunisation-against-infectious-disease-the-green-book. **[2]** જો 2 વર્ષ થી 10 વર્ષની ઉંમરના હેઠળના હો અને ન્યૂમોકોકલ ચેપ સામે રોગ પ્રતિરક્ષણ ન થયુ હોય અથવા આંશિકરીતે રોગ પ્રતિરક્ષણ થયુ હોય તો, એક PCV13 નો ડોઝ આપો. **[3]** ગંભીરરીતે ઈમ્યુનોસપ્રેસ્ડ કે નિરુધ્ધ પ્રતિરક્ષા કોઈ પણ ઉંમર માટે. **[4]** ઘરના સભ્યો માટે વાર્ષિક ઈન્ફ્લૂએન્ઝા રસીકરણનો વિચાર કરો અને આવી પરિસ્થિતિઓવાળા લોકોની જેઓ સંભાળ રાખતા હોય. **[5]** ગ્રીન બુક શિંગલ્સ પ્રકરણ 28a તપાસો www.gov.uk/government/publications/shingles-herpes-zoster-the-green-book-chapter-28a.

# પસંદગીયુક્ત બાળપણના રોગ પ્રતિરક્ષણ કાર્યક્રમ

| લક્ષ્યાંક જૂથો | ઉંમર અને સમયસૂચિ | રોગ | રસીઓની જરૂરિયાત |
|---|---|---|---|
| હેપટાઈટિસ (Hepatitis) B ચેપગ્રસ્ત માતાઓને જન્મેલા બાળકો | જન્મ સમયે, ચાર અઠવાડિયાઓ અને 12 મહિનાઓની વયના[1,2] | હેપટાઈટિસ (Hepatitis) B | હેપટાઈટિસ B (Engerix B/HBvaxPRO) |
| દેશના એવા વિસ્તારોમાં શિશુઓ કે જ્યાં ટીબીની ઘટના હોય TB >= 40/100,000 | 28 દિવસો આસપાસનાપહેલાંના[4] | ક્ષયરોગ | BCG |
| માતા-પિતા અથવા દાદા-દાદી સાથેના શિશુઓ કે જેઓ ઊંચી ઘટનાવાળા દેશમાં જન્મેલ હોય[3] | 28 દિવસો આસપાસનાપહેલાંના[4] | ક્ષયરોગ | BCG |
| ક્લિનિકલ જોખમ જૂથમાંના બાળકો | 6 મહિનાઓ થી 17 વર્ષની ઉંમરના | ઈન્ફ્લૂએન્ઝા | LAIV અથવા નિષ્ક્રિય ફ્લૂની રસી જો LAIV અથવા 2 વર્ષથી હેઠળના માટે વિરોધ હોય તો |
| સગર્ભા મહિલાઓ | ફ્લૂની મોસમ દરમિયાન સગર્ભાવસ્થાના કોઈ પણ તબક્કે | ઈન્ફ્લૂએન્ઝા | નિષ્ક્રિય ફ્લૂ રસી |
| | સગર્ભાવસ્થાના 16 અઠવાડિયાઓથી[5] | પર્ટુસીસ (Pertussis) | Tdap અથવા dTaP/IPV |
| | સગર્ભાવસ્થાના 28 અઠવાડિયાઓથી | RSV | RSV રસી |

**[1]** ચેપને બાકાત રાખવા માટે 12 મહિને HBsAg માટે લોહી લો. **[2]** વધારામાં હેક્ઝાવેલન્ટ રસી (ઈન્ફાનરિક્સ હેક્ઝા અથવા વેક્સેલીસ) 8, 12 અને 16 અઠવાડિયાઓએ આપવામાં આવે છે. **[3]** જ્યાં TB ની વાર્ષિક ઘટના હોય છે >= 40/100,000 – જૂઓ www.gov.uk/government/publications/tuberculosis-tb-by-country-rates-per-100000-people. **[4]** BCG આપતા પહેલાં SCID સ્ક્રિનીંગ પરિણામ તપાસો. **[5]** આદર્શરીતે સગર્ભાવસ્થાના 32 અઠવાડિયાઓના પહેલાં પણ 32 અઠવાડિયાઓ પછી પણ આપી શકાય.

NHS

Produced by
**UK Health Security Agency**

© Crown copyright 2024
2024QG1GUJ Gujurati Latvian 1p 500K AUG 2024
UK Health Security Agency gateway number: 2024507

આ આવૃતિ પ્રથમ ડિસેમ્બર 2019 માં પ્રકાશિત થઈ હતી.

જો તમને આ પત્રિકાની વધારે નકલોની જરૂર હોય તો, કૃપા કરી મુલાકાત લો, www.healthpublications.gov.uk સંપર્ક કરવા માટે
Health Publications orderline. Ph1: 0300 123 1002
મિનિકોમ: 0300 123 1003 (સવારના 8 થી સાંજના 6, સોમવાર થી શુક્રવાર).

**www.nhs.uk/vaccinations**